

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સિદ્ધિઓ ના દે તાવ મૂછે, તાવથી જ હાર્યા,*
*ખેલ્યા બહુ દાવ અડવાણી, દાવથી જ હાર્યા,*
*લડ્યા ભ્રષ્ટાચારથી કેજરી, ભ્રષ્ટ થઈ ને જ હાર્યા,*
*ઝઝૂમયા ખૂબ જેઠમલાણી, 'રામ' થી જ હાર્યા*

હાઈકુ

*સમજ વિના*
*કર્યા કરે કરારો -*
*થાય દેખારો...*
*(ટ્રંપ નારાજ)*

*મત માટેના*
*આદેશોની - ગાયની,*
*થાય કતલ!*
*('સ્ટે' કતલખાને...)*

### ચિંતન

*આત્મવર્ગં પરિત્યજય પરવર્ગં સમાશ્રયેત્ ।*
*સ્વમેવ લયં યાતિ યથા રાજऽન્યધર્મતઃ ॥*

**ઉપરોક્ત શ્લોક ચાણક્ટમેટમાંથી લેવામાં આવેલ છે.**

**જેમ સ્વધર્મનો ત્યાગ કરી બીજા ધર્મનો આશ્રય લેનાર રાજા નાશ પામે છે, તેમ પોતાના સમુદાયને છોડી બીજા સમુદાયને આશ્રય લેનાર મનુષ્ય નષ્ટ થાય છે.**

**ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે, ગમે તેવો હોય તો પણ પોતાને ધર્મ જ શ્રેષ્ઠ છે. માણસે પોતાના ધર્મના આશ્રયે જ રહેવું જોઈએ. બીજાના ધર્મનો આશ્રય લઈ પોતાના ધર્મનો ત્યાગ કરવો દ્રોહ કર્યા સમાન છે. અહીં ધર્મનો અર્થ 'કર્તવ્ય' કરવાનો છે. પોતાના સમુદાયના લોકો સાથે રહેવાથી વ્યક્તિના મૂળિયાં સચવાઈ રહે છે. જ્યારે બીજા સમુદાયના લોકો વચ્ચે રહેવાથી મનુષ્યનું સંસ્કારભાથું નાશ પામે છે.**

### સુવિચાર

- જંગ મેં શિકસ્ત ખાં કે ભી, જીતને કા હોંસલા મિલા, આઈનોં સે બુઝદીલી મિલી, પથ્થરોં સે હોંસલા મિલા, રાસ્તે મેં કંઈ મુશ્કીલે મિલી, મુશ્કિલોં સે રાસ્તા મિલા - **નવાઝ દેવબંદી**
- હૃદયમાં રામ વસે પછી પ્રકાશ એનો છાયો રહેતો નથી, રહેનાર જંગલમાં રહે કે ઝૂંપડીમાં, પછી એ નાનો હોતો નથી - **અનામી**
- પછી 'ચણતર' એટલું જ મજબૂત થાય છે, જેટલું પહેલા 'ઘડતર' મજબૂત હોય - **એસ. ભટ્ટાચાર્ય**
- મોટા ભાગના લોકોના મનમાં એક ખોટો ખ્યાલ હોય છે કે
બીજાઓને નાના બનાવી દઈને તેઓ પોતાની જાતને મોટા બનાવી શકશે - **કલ્પના ગાંધી**
- ઓછામાં ઓછી પાંચ મિનિટ માટે દરેક વ્યક્તિ મૂર્ખ બનતો હોય છે, આપણી બુદ્ધિમાની એમાં જ છે કે આ પાંચ મિનિટની મર્યાદા વધવા ન દેવી - **ગુણવંત શાહ**
- કેટલાંક માણસો દાટેલા ધનને શોધતા હોય તેવી રીતે બીજાઓના દોષોને શોધતાં હોય છે - **જ્હોન રસ્કિન**
- આજનું ઔષધ : દાઝ્યા ઉપર ગાયનું ઘી, દિવેલ ચોપડવાથી ફાયદો થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

એપ્રિલ ૧૯૭૦માં મદ્રાસ ખાતે આવેલી મોટર કંપની 'સ્ટાન્ડર્ડ મોટર્સ' ના કંપની માલિકો અને કામદારો વચ્ચે કંઈક એવી જીદ થઈ કે કારખાનું નવ મહિના બંધ રહ્યું. મદ્રાસ યુનિવર્સિટીમાં ભણતા ૨૦ વિદ્યાર્થીઓ કે જેઓ કાયદાનું શિક્ષણ હજી લઈ રહ્યા હતા. તેમણે આ સમસ્યાનું સમાધાન લાવવા ઝંપલાવ્યું. કામદારોએ એમને અપમાનિત કર્યા કે તમને કંઈ ખબર પડે, તમને ક્યાં કોઈ કારખાનું ચલાવવાનો અનુભવ છે. પણ વિદ્યાર્થીઓ મક્કમ હતા એમને એટલી ખબર હતી કે કોણ સાચું છે અને આ તકરાર કરતાં વધુ અત્યારે શું જરૂરી છે તે વધુ મહત્ત્વનું હતું. કારખાનોમા કુટુંબનો હતો. યુવાનો મક્કમ રહ્યા તેમણે કામદારો અને માલિકોને સાથે બેસાડી અઠવાડિયા સુધી રોજ વાટાઘાટો કરી. છેવટે બેવ પક્ષે થોડી ઘણી બાંધછોડ કરી ફેબ્રુઆરી ૧૯૭૧માં સ્ટાન્ડર્ડ મોટર્સ કંપની ફરી શરુ થઈ શકી.

૧૯મી ફેબ્રુઆરીએ 'ધી ઈકોનોમિક્સ ટાઈમ્સ' માં લખાયું કે 'કદાચ આટલા મોટા કારખાનાની આટલી મોટી સમસ્યા અને માલિકો તથા કામદારો વચ્ચેના ભંગાણને વિદ્યાર્થીઓ દ્વારા સમાધાન પુરું પાડવું - એ પહેલીવાર વિશ્વમાં બન્યું હશે. વિદ્યાર્થી શક્તિ નવા સ્વરુપે.'

# સિદ્ધિ ગાનનો અતિરેક અટકાવીએ

**તંત્રીસ્થાનેથી...**

પ્રજાને ઉત્સવ ગમે છે. એથી જ આપણા પ્રબુદ્ધ પૂર્વજોએ ઋતુએ ઋતુએ ઉત્સવોનું આયોજન કરેલું છે. એ ઉત્સવોમાં મહાપુરુષો અને ધર્મ ધુરંધરોની જન્મતિથિ કે પુણ્યતિથિ જેવા પ્રસંગો પણ વણી લેવાયા છે. જાણ્યે અજાણ્યે આ પ્રકારની ઉજવણી એ આપણા જીવનની પ્રસ્થાપિત પરંપરા બની ગઈ છે. પરંપરાગત ઉત્સવોમાં અવારનવાર નવાં પર્વો પણ ઉમેરાતાં રહે છે. દાખલા તરીકે સ્વાતંત્ર્યદિન કે પ્રજા સત્તાક પર્વ. ગાંધી જયંતિ, આંબેડકર જયંતિ અથવા નહેરુનો જન્મદિવસ, જે બાલદિન તરીકે ઊજવાતો રહ્યો છે. ઉત્સવ માનવીને એના રોજિંદા ઢસરડામાંથી જરા વેગળો લઈ જઈ આનંદમય વાતાવરણમાં મૂકી આપે છે. એ દષ્ટિએ ઉત્સવપર્વોનું આયોજન એ આપણી ચેતનાને સંકોરવાનો મનોવૈજ્ઞાનિક પ્રયાસ ગણાવો જોઈએ. હજારો વર્ષો પૂર્વે થઈ ગયેલા અથવા મહાકવિઓની કલમે અવતરેલા રામ અને કૃષ્ણના જન્મોત્સવોનો આપણે મન કેવડો મોટો મહિમા છે! આપણા માટે એ ભવ્ય વારસો છે, જેનું આપણે શ્રદ્ધાપૂર્વક જતન કરતા રહીએ છીએ. ઉત્સવો પાછળના મનોવિજ્ઞાનનો સૌથી મોટો લાભ રાજનેતાઓ લેતા રહ્યા છે. પ્રજાની શ્રદ્ધા ઘેલચાની હદે મહોરો છે ત્યારે આવા નેતાઓના જન્મદિવસો અને નિર્વાણપર્વો ઉત્સવનું સ્વરુપ ધારણ કરે છે. ગાંધીજી કે સરદાર પટેલને ક્યારેય પોતાની હયાતી બાદ પોતાની પ્રતિમાઓ પૂજાય કે તિથિઓ ઊજવાય તે ન ગમ્યું હોત. પરંતુ રાજકારણીઓ માટે તો એમનો સત્તાનો સ્વાર્થ જ વધુ મહત્ત્વનો છે. એ પોતાપોતાનાં અંગત હિતો સાચવવા 'બીફ ફેસ્ટિવલ' પણ ઊજવી શકે અને લોકપ્રિય નેતાનું નામ પણ જોડીને ખર્ચાળ રાજકીય કમઠાણ પણ સરજી શકે. સરકાર પોતે પણ આવાં હાસ્યાસ્પદ કર્મકાંડોને પ્રોત્સાહિત અને પ્રેરિત કરતી રહે છે. 'મોદી ફેસ્ટ' જેવા લલચામણા નામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ત્રણ વર્ષના કાર્યકાળની સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓનો ઉત્સવપૂર્વક પ્રચાર કરવાનો નિર્ણય કેન્દ્ર સરકાર પ્રેરિત છે. સરકાર સારાં કામ કરતી હશે તો પ્રજામાં એનો આપોઆપ પડઘો પડશે. એના ઢોલ વગાડવાની જરૂર ખરી? શું અમેરિકામાં કેનેડી, લિંકન કે ક્લિન્ટન અથવા આબામાના નામે આવી ઉજવણીઓ થઈ છે? ત્રણ વરસ દરમિયાન વડાપ્રધાન મોદીની આગેવાની હેઠળ દેશમાં કેટલાંક ક્ષેત્રે પ્રગતિ પણ થઈ છે, તો એવાં પણ કેટલાંક ક્ષેત્રો છે જ્યાં સરકારની સરેઆમ નિષ્ફળતા ઊડીને આંખે વળગે છે. કાશ્મીર પ્રશ્ને સરકારે શું ઉકાળ્યું છે, તે સૌની નજર સામે છે. દેશમાં સાંપ્રદાયિક સૌહાર્દના વાતાવરણમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. એથી કદાચ શાસક પાર્ટીને રાજકીય લાભ થયો પણ હોય તો તે દેશની પ્રજા માટે હરખાવા જેવી બાબત નથી. વિકાસદર પણ ઘટી રહ્યો છે અને ખેડૂતોની કેવી દશા છે એ તો એમનાં આંદોલનો જ સૂચવી રહ્યાં છે. શું આવા સમયે સિક્કાની એક જ બાજુ અર્થાત્ સફળતાનાં ડિમ ડિમ વગાડીને પ્રજાના પરસેવાની કમાણીનો ધુમાડો કરવો યોગ્ય છે? બની શકે કે પ્રજાને ઘેનમાં રાખી મૂકવાના ઉદ્દેશથી કરાતાં આવા આયોજકો શાસક પક્ષને ટૂંકા ગાળાનો રાજકીય લાભ અંકે કરી આપે, પરંતુ જે ભારતવર્ષને આપણા પ્રબુદ્ધ મનીષીઓ જીવતા જાગતા શાશ્વત ચૈતન્ય સ્વરુપે કલ્પતા રહ્યા છે એના ચિત્તમાં આવા ઉપક્રમોના કેવા પડઘા પડશે, તે વિચાર્યું છે ખરું?

# ફાયનાન્સ એકટ ૧૯૯૪ની કલમ ૮૪ મુજબ સેન્ટ્રલ એકસાઈઝ અધિકારીને ચોપડા, દસ્તાવેજો જપ્ત કરવાનો અધિકાર છે



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

સેન્ટ્રલ એકસાઈઝ ખાતાના કોઈપણ અધિકારીને વેપારીને ત્યાંથી કે કંપનીમાંથી કે ઉત્પાકતાના ત્યાંથી ચોપડાઓ, દસ્તાવેજો, કાગળો વિગેરે જપ્ત કરવા માટે ફાયનાન્સ એકટ ૧૯૯૪ ની કલમ ૮૪ મુજબ સત્તા અને અધિકાર આપવામાં આવ્યા છે. સત્તા મળ્યા બાદ અધિકારી કોઈપણ સ્થળે તપાસ કરી યોગ્ય અને જરૂરી લાગે તે તમામ દસ્તાવેજો અને કાગળો તેમની પાસેથી રેકર્ડ જપ્ત કરી શકે છે તથા તપાસ કરી શકે છે તથા આ બાબતે કોઈપણ વ્યક્તિનું નિવેદન લેવાનો પણ અધિકાર છે. સેન્ટ્રલ એકસાઈઝ કાયદાની કલમ ૧૪ મુજબ આ પ્રકારની સત્તા તપાસ કરનાર અધિકારીને સોંપવામાં આવેલ છે. અગાઉના વર્ષ ૧૯૯૪ ના ફાયનાન્સ એકટમાં વર્ષ ૨૦૦૬ માં સુધારો કરીને આવી સત્તામાં વધારો કરવામાં આવ્યો છે હવે જીએસટી લાગુ પડતા ફાયનાન્સ એકટ ૨૦૧૭ માં પણ જરૂરી સુધારા કરી વિશેષ પ્રકારની સત્તા સેન્ટ્રલ એકસાઈઝ વિભાગને આવામાં આવી છે જેમાં સમન્સ પાઠવવાની તથા તે અનુરૂપ નિવેદન લેવાની સત્તા તથા દસ્તાવેજો જપ્ત કરવાની સત્તામાં વધારો કરાયો છે નિવેદનમાં નિવેદન આપનારે સહિ કરી નકલ મેળવવાની રહેશે તેથી નિવેદન આપનારને બંધન કરતા રહે અને ફરીના જાય તેમજ નિવેદનના આધારે કરની આકારણી કરવાની રહેશે.

ફાયનાન્સ એકટની કલમ ૭૫ મુજ કર મોડો ભરનારને વ્યાજપણ ચુકવવું પડશે. સરકારને થતા નુકશાન બદલ વ્યાજ વસુલ કરી શકશે. હાલમાં આવા વ્યાજની ટકાવારી ૧૩ ટકા જેટલી છે જે ૨૦૦૦ થી અમલમાં છે નવા દરમાં વધારો પણ થઈ શકે છે.

કરદાતા એકની એક ભુલ વારંવાર કરે તો કલમ ૭૬, ૭૭ અને ૭૮ મુજબ દંડની જોગવાઈ છે તેમજ આવો દંડ સમયસરના ભરે તો કલમ ૭૬ મુજબ દંડનીય વ્યાજ પણ વસુલ કરવાનો અધિકાર છે. દંડનીય વ્યાજ જેટલા સમય માટે કર ના ભર્યો હોય તેટલા દિવસના રોજના ૧૦૦ થી ઓછા નહિ તેટલો દંડ આકારવામાં આવશે જેમાં રોજના ૨૦૦ સુધીનો વધારો કરવાનો કમિશ્નરને સત્તા અને અધિકાર આપવામાં આવ્યો છે પરંતુ દંડની રકમ કરની રકમથી વધારે ના હોવી જોઈએતે જોગવાઈનો પણ દંડ આકારનારે ધ્યાન રાખવાનું રહેશે.

દંડ તથા કરના વિલંબ બદલ રૂા. ૧૦,૦૦૦/- સુધીની પેનલ્ટી દંડ પણ વસુલ કરવામાં આવશે જે કલમ ૭૭ મુજબ આકારવામાં આવશે પરંતુ ગુન્હાહિત માનસથી કર નહિ ભરનાર તથા ઓછો ભરનારના મેળાપીપણામાં તેમજ દંડના કેસમાં તેમજ જાણીજોઈને હક્કિત છુપાવી ઓછો કર આકારવાના કેસમાં કલમ ૭૮ મુજબ દંડનીય પગલા ભરવામાં આવશે ખોટી હક્કિત જાહેર કરનાર તથા કરદાતાની બેદરકારી બદઈરાદો સાબીત થાય તો ટેકસની રકમ જેટલો જ દંડ આકારવાની સત્તા અને અધિકાર કમિશ્નરને આપવામાં આવ્યો છે અને અપવાદરૂપ કિસ્સામાં દંડની રકમ કરની રકમથી બમણી વસુલ કરવાનો પણ અધિકાર આપવામાં આવેલ છે.

ગુજરાતમાં જીએસટી લાગુ પડ્યા બાદ આ પ્રકારના પ્રશ્નો ઉભા થશે જેમાં કરદાતાએ કેટલા પ્રમાણમાં દંડનીય વ્યાજ પેનલ્ટી ભરવાની રહેશે તે અંગે હાલમાં કયા કાયદા મુજબ પગલા ભરવામાં આવશે આ તમામ બાબતનો તથા નિયમોનો ઉલ્લેખ કરવાનો રહેશે તેમ છતાં ફાયનાન્સ એકટ ૧૯૯૪ તથા ૨૦૦૬ ના સુધારાની જોગવાઈઓ લાગુ પાડવામાં આવશે ત્યારબાદ ૨૦૧૭ ની જોગવાઈઓમાં જરૂરી સુધારા વધારા કરવાની માંગ ઉઠેલ છે.

# સૂકીભઠ્ઠ ધરા તો છે મારી પ્રિયતમા, મને પ્રિયતમાથી દૂર રાખ્યા ન કર !



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

ડિયર મોન્સૂન,

કેરળ-તમિલનાડુથી ગુજરાત સુધી પહોંચતા આટલી બધી વાર ?

જલ્દી આય ભાઈ, અહીંયા એસીનાં બિલો વધે છે.

રસ્તાઓઓ ધોવાઈ જવા માટે બેબાકળા બન્યા છે.

કોન્ટ્રાક્ટરોનાં છોકરાં નવી ગાડી માટે કજિયો કરે છે,

ને એના પપ્પાઓ 'એક વરસાદ પડી જવા દે' એવા વાયદાઓ કરે છે.

ઘણા બધાને સ્વિમિંગ શીખવું છે, રેઈનકોટ-છત્રીઓ માર્કેટમાં ખડકાઈ ગયા છે, પણ તારા અભાવે વકરો શરુ થવાને વાર છે.

દાળવડાં - ભજિયાં વગર લોકોની આંતરડી કકળે છે.

ફેસબુક પર સેલ્ફીઓ પણ સાવ નપાણિયા થઈ ગયા છે.

ટિટોડીનાં ઈંડામાંથી બચ્ચા પણ આવી ગયા ને

સૂકવેલા ગોટલાના મુખવાસ પણ બની ગયા.

તારા વગર 'અમી છાંટણાં', 'ધડાકાભેર', 'મેઘસવારી', 'સર્વત્ર શ્રીકાર', 'નવી આવક', 'જળબંબાકાર', 'સાંબેલાધાર', 'ઓવરફલો', 'ખતરાના નિશાનની ઉપર, ઠેરઠેર ભૂવા પડ્યા,' જેવા શબ્દપ્રયોગો વિના ગુજરાતી ભાષા ઓક્સિજન લેવા માંડી છે. હજારો દેડકાઓ અને કરોડો કવિઓ પણ તારા વિના ટળવળે છે. તારા વિના 'પલળેલાં ભીનાં વદન'નાં લેખો સૂકાભઠ ચિંતનાત્મક થઈ ગયાં છે. અમારી ભાષા મરી પરવારશે એનું તને કંઈ ભાન છે ? એટલે ભાઈ, તને પણ વિજય માલ્યાની જેમ ભાગેડું જાહેર કરાય એ પહેલા આવી જા.

લિખિતંગ

ટુવાલથી પરસેવો લૂછતો એક કોરોધાકોર ગુજરાતી. (અજ્ઞાત)

ગરમી, પરસેવો, કંટાળો આ બધું જ ચરમસીમાએ પહોંચે પછી જ વરસાદનું આગમન થાય છે. જે રીતે સૂર્યોદય પહેલા સૌથી વધુ ગાઢ અંધકાર હોય છે. તેમજ સૌથી વધુ અસહ્ય બફારા બાદ અમીછાંટણા ધરતીને અને માનવ મનને ભીંજવે છે. માનવીને સરળતાથી કે મફતમાં મળનારી કોઈ બાબતની કદર ક્યારેય થઈ જ નથી અને માટે જ ઈશ્વર વચ્ચે-વચ્ચે તેની આકરી કસોટી કરીને પોતાની સર્વોપરી સત્તાના હોવાનો અહેસાસ માનવ કરાવી દે છે. ત્યારે વ્યક્તિને ખ્યાલ આવે છે કે પોતે કેટલો વામણો, પામર અને લાચાર છે. આડેધડ વૃક્ષોનું છેદન ગ્લોબલ વોર્મિંગ, પર્યાવરણની જાળવણી અંગેની બેદરકારી આ તમામ પરિબળો પ્રકૃતિના નુકસાન માટે જવાબદાર છે. માટે વરસાદ પણ કંટાળીને કહેતો હશે.

''મારા માટે તું આમ કરગર્યા ન કર !
સાવ આડેધડ વૃક્ષો કાપ્યા ન કર !
'કાર્બન', 'ગ્રીન હાઉસ' વાત કર,
વાતોના વડાથી જખમ ખણ્યા ન કર !
વાદળો બનાવવા રોજ મથ્યા કરું છું,
તું ઓઝોનમાં ગાબડાં પાડ્યા ન કર !
સૂકીભઠ્ઠ ધરા તો છે મારી પ્રિયતમા,
મને પ્રિયતમાથી દૂર રાખ્યા ન કર !
સમયસર આવતો રહીશ, શર્ત એટલી,
પ્રકૃતિ સાથે આમ ખેલ્યા ન કર !''

કોઈ પણ વસ્તુની કદર આપણને એ હાથમાંથી સરી જાય ત્યારે જ કેમ થતી હશે ? એ ઉંમર હોય, તંદુરસ્તી હોય કે પછી પ્રાકૃતિક સૌંદર્ય. માતાપિતા જ્યારે બાળકને વારસામાં સંસ્કાર, સંપત્તિ અને સુખસગવડના તમામ સાધનો આપે છે ત્યારે તેમને અપેક્ષા હોય છે કે તેમણે આપેલા વારસાને બાળક જાળવે, તેનું જતન કરે અને પોતાનો વિકાસ કરે. એ જ રીતે પરમકૃપાળુ ઈશ્વરે આ સુંદર સૃષ્ટિ અને સુંદર મનુષ્યનું સર્જન કર્યું હશે ત્યારે તેમણે પણ વિચાર્યુ હશે કે આપણે આપણને મળેલા આ અમૂલ્ય વારસાનું જતન કરીશું. પરંતુ, જ્યારે મનુષ્ય પોતાનું જીવન ખરાબ રીતે પસાર કરે છે કે જ ન કરે ત્યારે ઈશ્વરને પણ કેટલું દુઃખ થતું હશે ! ઈશ્વરે આપણા દરેકના હાથમાં એક કોરા કેન્વાસ પેપર જેવું જીવન મૂક્યું છે હવે તેમાં સુંદર રંગો ભરીને તેમાંથી મંત્રમુગ્ધ કરી મૂકે એવું સુંદર ચિત્ર દોરવું કે આડેધડ લીટા પાડીને જોવું પણ ન ગમે તેમ તેને કાગળનો ડૂચો બનાવી દેવો એ આપણા હાથની વસ્તુ છે. જે છે, જે મળ્યું છે એમાંથી સૌથી સર્વશ્રેષ્ઠ સર્જન કરીને પોતાનું જીવન તેમજ જીવન આપનાર પરમાત્માને પણ આનંદિત કરી દેવા સંતુષ્ટ કરવા એ આપણી નૈતિક ફરજ ગણાય.

વરસાદ આવે ત્યારે એનો મનભરીને માણીએ, ઉનાળામાં પણ આપણી આસપાસ પાણીની પરબ કે છાંયો આપનાર વૃક્ષોનું જતન એમ કોઈ પણ પ્રકારે કુદરતની રચેલી આ સુંદર સૃષ્ટિને અને આપણા મનુષ્ય અવતારને વધાવીએ તો આપણું જીવન તો સુંદર બનશે જ પણ જીવન આપનાર પરમાત્મા પણ તેનાથી ખુશ થઈ જશે અને તેમને પણ પોતાના આ સર્જન માટે એક સંતોષની લાગણી અનુભવાશે. વરસાદ, ભીંજાવું, બાળપણ, કાદવ-કીચડ, ભજિયા-દાળવડા, ભીની માટીની કોઈ પણ મોંઘા પરફ્યુમમાં પણ ન મળી શકે એવી મીઠી મહેક, રંગબેરંગી છત્રી-રેઈનકોટ, રજા પાડવા માટેનું બ્હાનુ આ તમામ માટે આપણે ઝંખી રહ્યા છીએ ત્યારે આવો સૌ સાથે મળીને નાના બાળકની જેમ જિદ કરીને બૂમરાણ મચાવીએ એટલે તેનો શોરબકોર છેક આકાશ સુધી જરૂર પહોંચશે ને કંટાળીને વરસાદને વરસવું જ પડશે.

અનુસંધાન પાના નં. ૭ પર

# ઑલિયા માણસ દીનદયાળ કંડલાના માંતરના નિરર્થક વિવાદમાં



**અતિતની આજ**
**ડો. હરિ દેસાઈ**

- કચ્છના મહારાવશ્રીએ ૧૯૨૭માં કંડલા બંદરનું ઉદઘાટન વાઈસરોય લોર્ડ અરવીન પાસે કરાવ્યું હતું
- મહાબંદરને કોઈ નામ આપવું જ હોય તો ખેંગારજીનું અથવા સરદાર પટેલનું નામ જોડવામાં ઔચિત્ય
- ૧૯૫૨માં શિલારોપણવિધિ ટાણે વડા પ્રધાન નેહરુએ નૂતન ભારતનો પાયો નાંખવાની ઘોષણા કરી હતી
- અમદાવાદનું નામ કર્ણાવતી કરવાની પોતાની માંગણી ભાજપની કેન્દ્ર સરકારે સાવ જ વીસારે પાડી છે

તૈયાર ભાણે બેસીને નામાંતર કરવાનો હરખ કરવાને બદલે પંડિત દીનદયાળ ઉપાધ્યાય જેવી મહાન વિભૂતિને શોભે એવું કોઈક મહાસ્થાન ઊભું કરીને એમનું નામ અપાય તો નિરર્થક વિવાદ ટળે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી હમણાં કચ્છના મહાબંદર કંડલાની મુલાકાતે ગયા. જનસંઘના સંસ્થાપક મહામંત્રી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઑલિયા પ્રચારક રહેલા પંડિત દીનદયાળની શતાબ્દીનું વર્ષ પૂરું થઈ ગયા પછી કેન્દ્રની ભાજપના નેતૃત્વવાળી સરકાર દીનદયાળને નામે 'ગરીબ કલ્યાણ વર્ષ' ઊજવી રહી છે. ભારતીય જનતા પાર્ટીના પૂર્વ અવતાર જનસંઘના અધ્યક્ષ રહેલા પંડિત ઉપાધ્યાયની હત્યાનું રહસ્ય હજુ અકળ છે, પણ એમના નામે યોજનાઓનાં નામકરણોની ભરમાર છે. ૧૯૬૧માં દીનદયાળ કચ્છ આવ્યા હતા. ૧૯૬૫ના પાકિસ્તાન સાથે યુદ્ધ પછીના કરારમાં કચ્છની ઘણી બધી મોંઘેરી ધરતી પાકિસ્તાનને ફાળે ગઈ હતી એટલે જનસંઘે એ કરાર વિરુદ્ધ અન્ય પક્ષો સાથે વિરોધ આંદોલન કરી દિલ્હી કૂચ પણ કરેલી. દીનદયાળનો કચ્છ સાથે સંબંધ ખરો, પણ છાસવારે એમના નામે વિમાનમથક કરવાનાં આંદોલન કે કંડલા મહાબંદરને એમનું નામ આપવાના આગ્રહે કચ્છની પ્રજામાં એક નવો જ અંજપો સર્જ્યો છે. દીનદયાળ જે આદર્શો અને સાદગીને અનુસરતા હતા એ નીતિરીતિથી જોજન દૂર નીકળી ગયેલો વર્તમાન શાસક પક્ષ આવા ઑલિયા માણસને નિરર્થક વિવાદમાં ઘસડવાને બદલે એમના સ્વપ્નના ભારતના નિર્માણની દિશામાં આગળ વધે તો ગનીમત.

વડા પ્રધાન મોદીએ કંડલા પોર્ટ ટ્રસ્ટના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરતાં કહ્યું : 'દેશ પંડિત દીનદયાળ ઉપાધ્યાયનું શતાબ્દી વર્ષ મનાવી રહ્યો છે ત્યારે કંડલા પોર્ટ ટ્રસ્ટનું દીનદયાળ પોર્ટ ટ્રસ્ટ – કંડલા નામાંતર કરવામાં આવે.' દિલ્હીશ્વરની ઈચ્છાનુસાર નામાંતર થશે, પણ છેક ૧૯૩૧માં કચ્છના મહારાવ ખેંગારજીએ બાંધેલી કંડલા જેટીમાંથી અત્યાર લગી વર્ષે ૧૦૦ મિલિયન મૅટ્રિક ટન કરતાં વધુ કાર્ગોની હેરફેર કરનાર આ મહાબંદરને નામ આપવું જ હોય તો મહારાવ ખેંગારજીનું અથવા તો બ્રિટિશ ઈન્ડિયાના ભાગલા વખતે કરાંચી બંદર પાકિસ્તાનને ફાળે જતાં કંડલાના વિકાસમાં વિશેષ રસ લેનારા સરદાર પટેલનું નામ એની સાથે જોડવાનું ઔચિત્ય ગણાય. સ્વયં દીનદયાળને પણ પૂછવામાં આવ્યું હોત તો એમણે પણ ખેંગારજી કે સરદારનું નામ રાખવાનો આગ્રહ સેવ્યો હોત. વલ્લભભાઈનો 'કચ્છનું સાંસ્કૃતિક દર્શન'ના લેખક રામસિંહજી રાઠોડને લખાયેલો ૨૦ ફેબ્રુઆરી ૧૯૪૯નો પત્ર નોંધે છે: 'કંડલાને કરાંચી બનાવવાની યોજના તૈયાર થઈ રહી છે. તેની સાથે બે રેલવે જોડવાનો પ્રયત્ન છે.' સરદાર કંડલાના સ્વપ્રદૃષ્ટા હતા.

ભાગલાને પગલે પૂર્વમાં ચિત્તાગાંગ (ચટગાંવ) અને પશ્ચિમે કરાંચી બંદરો ભારતે ગુમાવ્યાં એટલે કચ્છના અખાતમાં આવેલા કંડલાનું નામ નવું ઉમેરાયું. ૧૦ જાન્યુઆરી ૧૯૫૨ના રોજ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુના હસ્તે એનો શિલારોપણવિધિ થયો. એ પહેલાં ૧૯૪૮માં ભારત સરકારે શ્રી કસ્તુરભાઈ લાલભાઈના અધ્યક્ષપદે પશ્ચિમકાંઠાના મુખ્ય બંદર અંગેની સમિતિ નીમી હતી. એની ભલામણને સ્વીકારીને છેક ૧૯૩૦થી અસ્તિત્વ ધરાવતા નાના બંદર કંડલાને મહાબંદર કંડલા તરીકે વિકસિત કરવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો. ઈતિહાસવિદ રામસિંહજીએ નોંધ્યું છે: ''ગાંધીધામની સ્થાપના ખુદ મહાત્માજીના આશીર્વાદ સાથે થઈ હતી. એ વસાહત નિર્વાસિતોને અને નિરાશ્રિતોને

અનુસંધાન પાના નં. ૭ પર

# આજે ગાયત્રી જયંતિ

**પ્રસંગસર**
**પી.એમ.પરમાર**

'ગાયત્રી' - શબ્દ સંસ્કૃત ધાતુ ગૈ અને ત્રા - ના સુંદર સહયોગથી બનેલો છે. ગૈ ઉપરથી ગયાન્ એટલે પ્રાણ અને ત્રા ઉપરથી ત્રાયતે એટલે રક્ષણ કરવું અર્થાત્ જે પ્રાણનું રક્ષણ કરે છે તે ગાયત્રી. ગાયત્રી એક છંદનું નામ છે, ગાયત્રી મંત્ર છે, ગાયત્રી મંત્ર એ સૂર્યદેવતાનો મંત્ર છે.

'હિંદુ' - ધર્મના બધા મંત્રોમાં માત્ર ગાયત્રી મંત્ર જ એકમાત્ર એવો છે જે જેનો ઉલ્લેખ ચારચાર વેદોમાં છે. આ મંત્રનો સૌ પ્રથમ ઉલ્લેખ ઋગ્વેદના ત્રીજા મંડળના બારમા સૂક્તના દસમા મંત્રમાં થયેલો છે. યજુર્વેદમાં અલગ અલગ સૂક્તોમાં ગાયત્રી મંત્ર કુલ ચાર વખત આવે છે. સામવેદમાં ૧૪૬૨મો મંત્ર ગાયત્રી મંત્ર છે અને અથર્વવેદમાં સોળમા સૂક્તનો ૭૧મો મંત્ર ગાયત્રી મંત્ર છે.

ચારેચાર વેદમાં ઉલ્લેક હોવાથી જ ગાયત્રીમંત્રને વેદમંત્રનું બિરુદ પ્રાપ્ત થયું છે. વેદોનું ઉચ્ચારણ બ્રહ્માજી દ્વારા થયેલું છે એ રીતે સમગ્ર સૃષ્ટિમાં ગાયત્રી મંત્રનું સૌપ્રથમ ઉચ્ચારણ બ્રહ્માજીએ કરેલ છે. એથી એ બ્રહ્મમંત્ર પણ કહેવાય છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં દસમા અધ્યાયના શ્લોક : ૩૫માં છંદોમાં હું ગાયત્રી છંદ છું એમ કહીને ગાયત્રીને પોતાની વિભૂતિ ગણાવી છે. શ્રીકૃષ્ણને પણ ગાયત્રી છંદ પસંદ છે.

વાલ્મિકી રામાયણમાં શ્રી રામચંદ્ર ભગવાન રોજ સવારમાં ગાયત્રી મંત્રના જપ કરતા હતા તેઓ ઉલ્લેખ છે. ચાર વેદો પછી જેને વેદાંત કહેવાય છે તે વિવિધ ઉપનિષદોમાં પણ ગાયત્રી મંત્રનું સ્થાન મોખરાનું છે. તૈત્તિરીય ઉપનિષદમાં બે વખત, બૃહદારણ્યમાં એક વાર, જૈમીનીયમાં એક વાર, શ્વેતાશ્વતરમાં એક વખત ગાયત્રીમંત્ર આવે છે.

શ્રૌતસૂત્ર, આપ સ્તંભ સૂત્ર, શાંખાયન સૂત્ર, કૌશિતકી, ખાદિર, ગુહ્યસૂત્ર અને માનવસૂત્ર - એમ ઘણાં સૂત્રોમાં પણ આ મંત્રનું આવર્તન થયું છે. કૂર્મ પુરાણમાં વારંવાર ગાયત્રી મંત્ર આવે છે. આ રીતે જોતાં વેદ, ઉપનિષદ, પુરાણો, સૂત્રો, શ્રીમદ્ ભગવદગીતા, વાલ્મિકી રામાયણ, વિવિધ સ્મૃતિઓ એમ લગભગ હિંદુ ધર્મને લગતાં મુખ્ય મુખ્ય અનેક શાસ્ત્રોમાં ગાયત્રીમંત્રનો ઉલ્લેખ એ તેની ઉચ્ચત્તમ મહત્તા દર્શાવે છે; અપાર મહિમા બતાવે છે.

ગાયત્રી મંત્રના ઋષિ ગાધિપુત્ર બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર છે. બ્રહ્મદંડ, બ્રહ્મશિરસ, બ્રહ્માસ્ત્ર - એ ત્રિદંડની ત્રિગુણાત્મક શક્તિ આ મંત્રમાં તલમાં તેલ, દૂધમાં ઘી અને ફૂલોમાં મધની જેમ પ્રસન્ન છે. લોહચુંબક જેમ આસપાસના લોખંડને ખેંચી લે છે તેમ આ મંત્રના જાપથી સાત્ત્વિક તરંગો સાધકને હકારાત્મક પ્રેરણા પ્રદાન કરે છે.

'ગાયત્રી' - મંત્રનું બંધારણ આ પ્રમાણે છે : ગાયત્રી મંત્રના કુલ ચોવીસ અક્ષરો છે. ૐ મંત્રની આગળ બોલાય છે, ૐ એ પ્રણવ છે. કુલ ત્રણ ચરણ છે. ભૂઃ ભુવઃ સ્વઃ આ ત્રણ વ્યાહૃતિ છે. વ્યાહૃતિનો અર્થ છે આકર્ષણ. મંત્રમાં ચાર વેદ છે. શિક્ષા, કલ્પ, નિરુક્ત, છંદ, વ્યાકરણ અને જ્યોતિષ - એ છ મુખ છે. હ્રસ્વ, દીર્ઘ, લુપ્ત, સ્વસ્તિ, ઉદાત્ત અને અનુદાત્ત એ છ સ્વર છે. ઋષિ વિશ્વામિત્ર છે. ગાયત્રી મંત્રનો છંદ ગાયત્રી છે. એ વેદમંત્ર છે, બ્રહ્મમંત્ર પણ છે. ગાયત્રી મંત્રમાં સૂર્યદેવતાની સ્તુતિ છે.

ગાયત્રી મંત્રના ચોવીસ અક્ષરો છે જેની ચોવીસ અલગ અલગ ગ્રંથિઓ અને ચોવીસ દેવતાઓ છે. જે અક્ષર બોવાય તેનાથી શરીરને અક્ષરથી સંબંધિત ગ્રંથિ જાગૃત થતાં તે ગ્રંથિના દેવતા પ્રસન્ન થાય છે. વશિષ્ઠ, નારદ, યાજ્ઞવલ્ક્ય, જાબાલિ, વૈશંમપાયન, વેદવ્યાસ વગેરે ઋષિમુનિઓએ આ મંત્રના જાપ કરી અપૂર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કર્યાનાં

અનુસંધાન પાના નં. ૭ પર